# ભાવનગર નાગરિક બેંકના રિકવરી ચેરમેન ધર્મેન્દ્ર મહેતાને મળી સફળતા મોટી રકમની રિકવરી કરાઈ



## ભાવનગર નાગરિક બેંકનાં વર્ધમાન બેંકમાં ફસાયેલ રકમ પૈકી રૂ. ૨૫-લાખ જેવી રકમ લાવવામાં બેંકનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સફળતા

સૌરાષ્ટ્ર છાયા ભાવનગર

શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક દ્વારા શ્રી વર્ધમાન કો. ઓપ. બેંકને રૂ.૧૦-કરોડની લોન આપેલ જેના લેણા પેટે ફેબ્રુઆરી-૨૦૨૫ માં રૂ. ૧૦-લાખ તેમજ એપ્રિલ-૨૦૨૫ માં રૂ.૧૫-લાખ મળી કુલ રૂ.૨૫ લાખ વસુલ કરેલ છે. બેંકના રીકવરી કમીટીના ચેરમેનશ્રી ધર્મેન્દ્રભાઈ મહેતાએ વખતો વખત રસ લઈ ફડચા અધિકારીશ્રી તેમજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી દેસાઈ સાહેબનો વખતો વખત સંપર્ક કરી તેમનો સહકાર મેળવી વસુલાત કરેલ છે. નાગરિક બેંકનાં હજુ પણ લેણા બાકી છે જે બાબતે પત્ર વ્યવહાર શરૂ છે.